# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),

"સમૃધ્ધિ", ૪થો માળ, મક્કાઈ પુલ, નાનપુરા, સુરત – ૩૯૫ ૦૦૧

SGCCI

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેકસ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


રેફ નં. તાઃ ૨૦/૮/૨૦૨૦

તંત્રીશ્રી, ______________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(ડે. સેક્રેટરી)

---

# ચેમ્બર દ્વારા ‘કપરા કાળમાં રોકાણકારોનું વલણ’ વિશે વેબિનાર યોજાયો

**સુરત.** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી દ્વારા મંગળવાર, તા. ૧૮ ઓગષ્ટ, ૨૦૨૦ના રોજ સાંજે ૬:૦૦ કલાકે ‘કપરા કાળમાં રોકાણકારોનું વલણ’ વિષય ઉપર વેબિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં નિષ્ણાંત વક્તા તરીકે એન.જે. ઇન્ડિયા ઇન્વેસ્ટ પ્રા.લિ.ના મેનેજિંગ ડિરેકટર નીરજ ચોક્સી અને કન્સેપ્ટ સિકયુરિટીઝ પ્રા.લિ.ના ફંડ મેનેજર સિદ્ધાર્થ માંડલેવાળાએ રોકાણકારોને યોગ્ય દિશામાં રોકાણ કરવા વિશે મહત્વનું માર્ગદર્શન આપ્યું હતું.

ચેમ્બરના કાર્યવાહક પ્રમુખ દિનેશ નાવડિયાએ જણાવ્યું હતું કે, કોવિડ– ૧૯ની પરિસ્થિતિને કારણે દરેક ઇન્ડસ્ટ્રીને મુશ્કેલીનો સામનો કરવો પડી રહયો છે. ઇન્ડસ્ટ્રીના લોકો પોતાની મુડીનું રોકાણ કરી સારામાં સારું વળતર કઇ રીતે મેળવી શકે? તે અંગે વિચારતા હોય છે. આથી આજના વેબિનારમાં તેમને રોકાણ વિશે જરૂરી માર્ગદર્શન મળી રહેશે.

નિરજ ચોક્સીએ જણાવ્યું હતું કે વિશ્વમાં જ્યારે સાર્સ, ઇન્ફ્લુએન્ઝા, ઇબોલા અને ઝીકા વાયરસ આવ્યા હતા ત્યારે પણ માર્કેટ ઘણું નીચે જતું રહયું હતું. અત્યારની વર્તમાન પરિસ્થિતિમાં રોકાણકારોને માર્કેટ કયાં જશે? તે અંગે વધારે ચિંતા સતાવી રહી છે. કયારેક એવું બનતું હોય છે કે રોકાણકારો ખોટા નિર્ણયો લઇ લેતા હોય છે અને સંજોગોને દોષ આપે છે. સ્ટોક માર્કેટની અંદર ઉતાર–ચઢાવ આવે છે ત્યારે રોકાણકારો માટે કમ્પોઝ બિહેવીયર ખૂબ જ અગત્યની બાબત છે. તેમણે ડેટાનો આધાર આપીને કન્વીન્કશન અંગે સમજણ આપી હતી.

તેમણે ઇન્ડસ્ટ્રી માટે બિઝનેસ સાયકલની પણ વાત કરી હતી. તેમણે કહયું હતું કે, લાંબા ગાળે રોકાણ કરશો તો તેના પરિણામ સારા આવી શકે છે. કારણ કે સ્ટોક માર્કેટમાં જેટલો લાંબો સમય હોય તેટલું રિસ્ક ઓછું હોય છે. ઇન્વેસ્ટમેન્ટ ડિસીઝન આપણા કન્ટ્રોલમાં હોય તો યોગ્ય દિશામાં રોકાણ કરવાના સાચા ડિસીઝન લેવાની જરૂર છે. જે ઇક્વીટિમાં રોકાણ કરો તે લાંબા ગાળાનું હોવું જોઇએ. પોતાના ગોલને ધ્યાનમાં રાખીને રોકાણ કરવાનું રાખો. રોકાણકારોએ પોતાના કેશ ફલોના આધારે રોકાણ કરવાનું નકકી કરવું જોઇએ. ખોટા નિર્ણય લેતા અટકાવી શકે એવા એડવાઇઝરની સલાહ લેવાનું તેમણે સૂચન કર્યું હતું.

સિદ્ધાર્થ માંડલેવાળાએ જણાવ્યું હતું કે, રોકાણ કરવા માટે મોટા ભાગે હયુજ એકસટર્નલ ઓપોર્ચ્યુનિટી, ગ્રેટ બિઝનેસ, મેનેજમેન્ટ જેમાં પણ કોમ્પીટન્સ, પેશનેટ અને ઇન્ટીગ્રીટીવાળા મેનેજમેન્ટ અંગે રિસર્ચ કરવામાં આવે છે. સારી કંપનીને ઓળખવા માટે તેના કેપીટલ એલોકેશન અને કેપીટલ ડિસ્ટ્રીબ્યુશન વિશે અભ્યાસ કરીને તેમાં રોકાણ કરવાની દિશામાં આગળ વધી શકાય છે. કંપનીની અર્નીંગ ગ્રોથ અને રિટર્ન ઓન કેપીટલ એમ્પ્લોઇડ્ (આર.ઓ.સી.ઇ.) ઉપર વધારે ફોકસ કરીને રોકાણ કરી શકાય છે તેમ તેમણે વધુમાં જણાવ્યું હતું.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે, રોકાણકારો કંપનીના ફ્રી કેશ ફ્લો ઉપર કોઇ ફોકસ કરતા નથી. જે કંપનીનો આર.ઓ.સી.ઇ. ૨૦ ટકાથી વધારે હોય એ જ કંપનીમાં રોકાણ કરી શકાય છે. એવી જ રીતે જે કંપની વર્ષે ૧૫ ટકાથી વધુ સેલ્સ ગ્રોથ કરતી હોય તેમાં રોકાણ કરી શકાય. તેમણે બેડ ગ્રોથ અને કવોલિટી ગ્રોથ વચ્ચેનો તફાવત સમજાવ્યો હતો. ગ્રેટ બિઝનેસ માટે તેમણે કોમ્પીટીટિવ એડવાન્ટેજ, ડિસ્ટ્રીબ્યુશન નેટવર્ક, લો કોસ્ટ પ્રોડયુસર, હાય એન્ટ્રી બેરીયર અને બ્રાન્ડ રીકોલ વિશે માહિતી આપી હતી.

તેમણે કહયું હતું કે, કોવિડ– ૧૯ની વર્તમાન પરિસ્થિતિમાં સ્ટોક માર્કેટ ૫૦ ટકાથી વધુ નીચેથી રિકવર થઇ ગયું છે. માર્કેટમાં ઇકોનોમીની હાલત ખરાબ છે પણ સ્ટોક માર્કેટ વધી રહયું છે. તેમણે કહયું કે સ્ટોક માર્કેટ હંમેશા ૫ ટકા વર્તમાન, ૫ ટકા ભૂતકાળ અને ૯૦ ટકા ભવિષ્ય ઉપર ફોકસ કરતું હોય છે. તેમણે ટેકનીકલ અને ફંડામેન્ટલ એનાલિસિસ વિશે પણ માહિતી આપી હતી.

આ વેબિનારમાં ચેમ્બરની મેનેજિંગ કમિટીના સભ્ય નિખિલ મદ્રાસીએ વક્તાઓનો પરિચય આપ્યો હતો. મેનેજિંગ કમિટીના સભ્ય આશિષ ગુજરાતીએ વેબીનારનું સંચાલન કર્યું હતું અને દીપકકુમાર શેઠવાલાએ વેબીનારમાં પ્રાસંગિક વિધી કરી હતી.